ગાંધીનગરમાં સ્ટેટ ક્રાઈમ રેકર્ડ બ્યુરોના એડીજીપીની આરામ ચેમ્બરમાં આગ..!

આરામ ચેમ્બરનો વોલ ફેન ચાલુ રહી જતા ઓવર હીટીંગથી આગ લાગી હોવાની શક્યતા : રેકર્ડ સલામત : ગાદલા સળગી ગયા

ગાંધીનગર, તા. ૨

શહેરના સેક્ટર-૧૮માં સ્થિત સ્ટેટ ક્રાઈમ રેકર્ડ બ્યુરોની કચેરી કે જ્યાં રાજ્યભરના ગુનાહીત રેકર્ડ સચવાય છે અને ડેટા મેઈન્ટેઈન થાય છે તે કચેરીના એડીજીપીની આરામ ચેમ્બરમાં ગઈ રાત્રે આગ ભભુકી ઉઠતા નાસભાગ મચી જવા પામી હતી. એડીજીપીની આરામ ચેમ્બરમાં વોલફેન ચાલુ રહી જતા ઓવર હીટીંગને કારણે શોર્ટસર્કીટ બાદ આગ લાગી હોવાનું પ્રાથમીક તારણ છે.

એડીજીપી સંજય શ્રીવાસ્તવ હાલ વિદેશ ગયા હોવાથી રજાઓ પર હોવાનું જાણવા મળ્યું છે. ગઈકાલે તેમની આરામ ચેમ્બરમાં રાત્રે લાગેલી આગને કારણે સ્ટાફ દોડતો થઈ ગયો હતો. આખા રાજ્યના ગુનાઓનો ડેટા સહિત અન્ય માહીતીઓ આ કચેરીમાં છે. જેથી આ બાબતને ગંભીરતાથી લઈ સીસીટીવી ફુટેજ ચેક કરવામાં આવતા કાંઈ શંકાસ્પદ જણાયુ નથી. આરામ ચેમ્બરમાં સાફ સફાઈ કર્યા બાદ કામદારા પંખો બંધ કરવાનું ભુલી જતા વોલફેન ઓવરહીટીંગ થતા આગ લાગી હોવાનું પ્રાથમીક અનુમાન છે. આગને તુરંત કાબુમાં લઈ લેવામાં આવતા ચેમ્બરની ટીપોઈ અને ગાદલા સિવાય અન્ય કંઈ ખાસ મોટુ નુકશાન થવા પામ્યું નથી. કચેરીના કર્મચારી કૃષ્ણકુમારસિંહ રાજપુતે સે. ૨૧ પોલીસને જાણવા જોગ આપતા જમાદાર બળદેવભાઈએ તપાસ શરૂ કરી છે. સદ્‌ભાગ્યે કોઈ રેકર્ડને નુકશાન થયુ નથી અને આગનું ચોક્કસ કારણ જાણવા એફએસએલની પણ મદદ લેવામાં આવી છે.

ભિલોડા તાલુકા પ્રાથમીક શાળામાં ચોપડાઓનું નિઃશુલ્ક વિતરણ કરાયું

ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર.૧ અને એન.આર.એ.કન્યા વિદ્યાલયમાં સ્વ.રમણલાલ ફુલચંદભાઈ ઓડ અને સ્વ.ફુલચંદભાઈ ગાસીરામ ઓડના સ્મરણાર્થે પાયલ કન્સ્ટ્રકશન, ભિલોડા રામસિંઘભાઈ ઓડ, પ્રવિણભાઈ ઓડ ધ્વારા વિદ્યાર્થીઓ માટે ચોપડાઓનું નિઃશુલ્ક વિતરણ કરાયું હતું. વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.આ પ્રસંગે રાજેશભાઈ નિનામા, રામઅવતાર શર્મા, બિપીનભાઈ ભોઈ, કંદર્પભાઈ પટેલ, કેતનભાઈ પંડ્યા, ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર.૧ આચાર્ય જયદેવભાઈ બારોટ, ભિલોડા એન.આર.એ.કન્યા વિદ્યાલય આચાર્ય ડિમ્પલબેન ગુર્જર, સ્ટાફ પરીવાર સહિત સેવાભાવી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર.૧ અને એન. આર.એ. કન્યા વિદ્યાલયમાં વિદ્યાર્થીઓને ચોપડાઓનું નિઃશુલ્ક વિતરણ કરાતાં વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

મોડાસા એલસીબીએ વોન્ટેડ આરોપી ઝડપ્યો

મોડાસા, તા. ૨

પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગાંધીનગર વિભાગ, ગાંધીનગરનાઓની સૂચના મુજબ અરવલ્લી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ ગુન્હાઓમાં નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવાની કામગીરી કરવા આપેલ સૂચના મુજબ પોલીસ અધિક્ષક કે.એન. ડામોરે અરવલ્લી જિલ્લાનાઓ તરફથી અસરકારક કામગીરી કરવા સૂચના આપતા પી.એસ. પરમાર, ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર, એસઓજી તથા એસઓજી સ્ટાફ દ્વારા જરૂરી બાતમીદારો રોકી વૉચ રાખી મોડાસા ટાઉન એસ.ટી. બસ સ્ટેશન પાસેથી સિયુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર. નં. ૫/૨૦૧૩ ઈ.પી.કો. ક. ૪૦૬, ૩૪ મુજબના કામેનાસતા ફરતા આરોપીઓ અબ્દુલહમીદ ફરીદમીયા શેખ રહે. મોડાસા, શાહેઆલમ, કસ્બા વિસ્તાર તા. મોડાસા, જી. અરવલ્લી (ગુજરાત), અબુબકર હુસેનભાઈ શેખ રહે. મોડાસા કસ્બા, તા. મોડાસા, જી. અરવલ્લી (ગુજરાત)નાઓએ સિયુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૫/૨૦૧૩ ઈપીકો ક. ૪૦૬, ૩૪ મુજબના કામે સીઆરપીસી. ક. ૪૧(૧) આઈ મુજબ આજરોજ તા. ૩૧-૮-૧૬ ક. ૧૬.૦૦ વાગે અટક કરેલ છે.

કંપની સમાચાર

કેફે કોફી ડેએ સનડેઈ સેન્સેશન રજૂ કર્યું

કેફે કોફી ડેનું (સીસીડી) સનડેઈ સેન્સેશન આવી ગયું છે. કેફે સંસ્કૃતિમાં આગેવાન સીસીડી અમદાવાદમાં આઈસક્રીમ સનડેઈઝની સંપૂરણ નવી શ્રેણી સાથે ઈટાલિયન ડેઝર્ટસની મીઠાશ લઈને આવી છે. ઈટાલિયન નિષ્ણાતોના નિપુણ હાથોથી અનુકૂળ રીતે તૈયાર કરવામાં આવેલો આ નવો ઉમેરો ચોકલેટ પ્રેમીઓ, સ્ટ્રોબેરીના ઘેલાઓથી લઈને હોટ ફજ અને વેનિલાના શોખીનો સુધી દરેક માટે કશુંક લઈને આવી છે.

ચાર લહેજતદાર સ્વાદમાં સીસીડી સનડેઈઝ ડિનર પશ્ચાત કશુંક અનુકૂળ ચાહતા અને આખો દિવસ મીઠાશનો સ્વાદ લેવા ઉત્સુકો માટે ઓફર છે. નટી હોટ ફજ વેનિલા આઈસ્ક્રીમનું જનરસ સ્કૂપ્સ ઓફર કરે છે. જે હોટ ફજ સોસથી લેયર્ડ હોઈ ગ્લાસમાં આલ્મંડસ અને ક્રિસ્પ વેફલ્સ તેની પર સ્પ્રિંકલ કરાયેલા હોય છે. સિનકુલ સ્ટ્રોબેરી સનડેઈ સ્ટ્રોબેરીની ચાહતને સ્ટ્રોબેરી આઈસક્રીમના સ્કૂલ અને ચિલ્ડ સ્ટ્રોબેરી સાથે આકાશી ઊંચાઈએ લઈ જાય છે. તે ક્રિસ્પી વેફલ બાઉલમાં સ્ટ્રોબેરી સોસથી સમૃદ્ધ હોય છે.

ઝુલેલાલ-સાંઈબાબા મંદિરમાં શ્રીજીની મૂર્તિની સ્થાપના

ગાંધીનગર, તા. ૨

સેકટર-૩૦ સ્થિત શ્રી ઝુલેલાલ સાંઈબાબા મંદિર ખાતે આગામી તા. ૫ સપ્ટેમ્બરના રોજ સાંજના ૪.૦૦ કલાકે ભગવાન શ્રી ગણેશજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવશે. તા. ૫ થી ૧૧ સપ્ટેમ્બર સુધી દરરોજ સવારે અને સાંજે ૬.૦૦ કલાકે આરતી કરવામાં આવશે. સર્વે ભાવિક ભકતોને આ પાવન પર્વના ઉત્સવમાં દરરોજ હાજર રહી આરતીનો લાભ લેવા પ્રમુખ સિંધી પંચાયત ગાંધીનગર દ્વારા જણાવાયું છે. શ્રીજીની મૂર્તિનું તા. ૧૧ સપ્ટેમ્બરને રવિવારના રોજ સાંજના ૪.૦૦ કલાકે ઈન્દિરા બ્રીજ ખાસે વિસર્જન કરવામાં આવશે.

સોમવારે શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨

શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા આગામી તા. ૫ સપ્ટેમ્બરને સોમવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે સે-૨૧, નમન એપાર્ટમેન્ટ ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને આ બેઠક યોજાશે. જેમાં અનેકવિધ પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવશે. આ બેઠકમાં સમિતિના સભ્યોને ઉપસ્થિત રહેવા સંસ્થાના મહામંત્રી નિરંજન ઓઝાએ જણાવ્યું છે.

લેઉવા પાટીદાર સમાજ દ્વારા સન્માન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૨

શ્રી લેઉવા પાટીદાર આદર્શ કેળવણી મંડળ દ્વારા આગામી તા. ૧૮ સપ્ટેમ્બરને રવિવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે સે-૧૫ વિઠ્ઠલભાઈ પટેલ હોલ ખાતે સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દસ ગામ લેઉવા પાટીદાર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવામાં આવશે. સમાજના વિદ્યાર્થીઓએ માર્કશીટની નકલ ૭ સપ્ટેમ્બર સુધીમાં સંસ્થા ખાતે તથા ગામના પ્રતિનિધિને મોકલવાની રહેશે. આ કાર્યક્રમમાં સમાજના સર્વે પરીવારોને હાજર રહેવા પ્રમુખ મંગળદાસ પટેલ દ્વારા જણાવાયું છે.

ચારડાના ખેડૂતોની ગાંધીગીરીઃ ૩ વર્ષથી ધૂળ ખાતી નહેરની સફાઈ કરી

થરાદના ચારડા ગામના ખેડુતો ગાંધીગીરી પર ઉતરતાં અપના હાથ જગન્નાથ બનાવીને હાથોહાથ ડીસ્ટ્રીબ્યુટરી નહેરમાંથી ધૂળ કાઢી તેની સાફ - સફાઈ હાથ ધરી હતી.ત્યાર બાદ ખેડૂતો તેમાં પાણી છોડવાની માગણી સાથે બહોળી સંખ્યામાં નર્મદા વિભાગની કચેરીએ ધસી આવ્યા હતા.અને તેમાં પાણી છોડવાની માગણી કરી હતી.જોકે નર્મદા વિભાગના અધિકારી પણ આ નહેર અંગે અજાણ હોવાનું જાણવા મળ્યું હતુ.જોકે તેમણે આ નહેરનું સ્થળ પર નિરીક્ષણ કર્યા બાદ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

અરવલ્લીમાં ટ્રેડ યુનિયનની હડતાલથી બીએસએનએલને અસર

અરવલ્લી, તા. ૨

શુક્રવારે ૧૦ જેટલા કેન્ટ્રીય ટ્રેડ યુનિયન (સીટીયુ) એક દિવસની રાષ્ટ્રવ્યાપી હડતાળ પર ઉતરતા

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં આવેલી રાષ્ટ્રીયકૃત બેંકો અને બીએસએનએલ અને એલઆઈસીના કર્મચારીઓ પણ રાષ્ટ્રવ્યાપી હડતાળમાં જોડાતા બેન્કીંગ અને બીએસએનએલ જેવી આવશ્યક સેવાઓ ખોરવાતા બંને જિલ્લાના પ્રજાજનોને મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. શ્રમ કાયદામાં શ્રમિકો વિરુદ્ધની જોગવાઈ સુધારા તેમજ તેમની અન્ય માગણીઓ મુદ્દે સરકાર ધ્યાન ના આપતી હોવાનો હડતાળ પર ઉતરેલા કર્મચારીઓએ ઉગ્ર રોષ ઠાલવ્યો હતો.

૧૦ ટ્રેડ કેન્દ્રિય યુનિયન દ્વારા સરકારને સોંપવામાં આવેલા ૧૦ મુદ્દાના ચાર્ટર મુદ્દે સરકાર ધ્યાન આપી ના રહી હોવાના વિરોધમાં અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં આવેલી રાષ્ટ્રીયકૃત બેંકો, બીએસએનએલ તેમજ એલઆઈસીના કર્મચારીઓએ એક દિવસીય હડતાળનું શસ્ત્ર ઉગામ્યું હતું. બંને જિલ્લામાં આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને યુનિયન બેંક ઓફ ઈન્ડિયા સિવાયની તમામ બેંકો હડતાળમાં જોડાઈ હતી. બેંક હડતાળથી અજાણ ગ્રાહકો બેંકની કામગીરી અર્થે બેંકના સ્થાને પહોંચતા બેંકો આગળ લગાવેલા હડતાળના પાટીયા જોઈ ગ્રાહકો નિરાશ થઈને ધરમધક્કા ખાઈને પાછા ફરવા મજબૂર બનતા રોષ વ્યાપ્યો હતો. એક દિવસીય હડતાળના પગલે બંને જિલ્લામાં કરોડો રૂપિયાનું કલીયરીંગ

ઠપ્પ થઈ ગયું હતું. રાષ્ટ્રીયકૃત બેંકોની હડતાળથી જરૂરીયાતમંદ ગ્રાહકોને સૌથી વધુ મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. બીએસએનએલના કર્મચારીઓ પણ એક દિવસીય હડતાળને ટેકો આપી બીએસએનએલના ખાનગીકરણ કરવા થઈ રહેલા પ્રયાસો અને ગુણવત્તા વિહિન સેવાઓમાં સુધારો કરવાની માંગ કરી હતી. બીએસએનએલમાં ફરિયાદ કરવા વાળા ગ્રાહકોને નિરાશ થઈને પાછા જવું પડયું હતું.

હડતાળમાં જોડાયેલા કર્મચારીઓએ કામદારોને રૂપિયા ૧૮૦૦૦ના લઘુત્તમ વેતન, મોંઘવારી નિયંત્રણ અને લઘુત્તમ રૂપિયા ૩૦૦૦ની પેન્શનની માંગણી જેવા મુદ્દાઓનો સરકાર દ્વારા ઉકેલ ન લવાતા આગામી સમયમાં હડતાળ વધુ ઉગ્ર બનાવવાની માંગ સાથે કામદારોને થતા અન્યાય સામે ન્યાયની માંગણી કરી હતી.

જ્યોતિ મહિલા મંડળ દ્વારા વિવિધ સ્પર્ધાઓ યોજાશે

ગાંધીનગર, તા. ૨

સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ અને જ્યોતિ મહિલા મંડળ દ્વારા બહેનો માટે હલ્દી કંકુ, ભજન, આરતી સુશોભન, ફુલદાની શણગારની સ્પર્ધાઓ તારીખ ૭ના રોજ બપોરે ૧.૩૦ કલાકે સેક્ટર-૨૨ રંગમંચ ખાતે રાખવામાં આવી છે. બહેનોને આ સ્પર્ધામાં ભાગ લેવા લતાબેન ચોકસી અને ડૉ. ચેતના બુચે જણાવ્યું છે.

કે. કે. પટેલ વિદ્યાલયનું ગૌરવ

સાઈ સ્પોર્ટસ સંકુલ ખાતે તાજેતરમાં યોજાયેલી શાળાકીય

એથ્લેટીકસ સ્પર્ધામાં કે.કે. પટેલ વિદ્યાલય, કોલવડાની વિદ્યાર્થીની દિપીકાબેન ઠાકોરે અંડર-૧૭ ૩૦૦૦ મીટર જલદ ચાલમાં પ્રથમ ક્રમાંક મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. શાળા પરિવારે દિપીકા ઠાકોરને અભિનંદન પાઠવ્યા છે.

ભાજપે સ્વનિર્ભર શાળા-કોલેજોથી શિક્ષણની ઘોર ખોદી છે : ડૉ. હિમાંશુ પટેલ

ગાંધીનગર, તા. ૧

ગુજરાત રાજ્યમાં ભાજપ સરકારે શિક્ષણનું બજારીકરણ કરતાં સેમેસ્ટર પ્રથાના કારણે વિદ્યાર્થીઓનું અનેક પ્રકારે અહિત થયું છે. જ્યારે ભાજપના રાજકીય અગ્રણીઓ અને મળતીયાઓની સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં શિક્ષણના નામે વેપલો ચાલુ રાખવા પાસ થતા વિદ્યાર્થીઓ કરતાં બમણી બેઠકો રાખી શિક્ષણની ઘોર ખોદી નાંખવામાં આવી હોવાનું ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે.

કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ભાજપ સરકારે છેલ્લા બે દસકામાં સેમેસ્ટર પ્રથા, સ્વનિર્ભર શાળા-કોલેજો, અધધધ થઈ જાય તેવી ફીની વાર્ષિક ઉઘરાણી તેમજ ભરતી સહિત વિવિધ પ્રવૃત્તિઓના નામે કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરી ગુજરાતમાં શિક્ષણનો મૃત્યુઘંટ વગાડી દીધો છે. સેમેસ્ટર પ્રથામાં થયેલા નુકસાનમાં ઉદાહરણ તરીકે ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં અંદાજે ૧.૪૦ લાખ વિદ્યાર્થીઓએ મે-જૂન ૨૦૧૬માં સેમેસ્ટર ૧ અને ૨ની પરીક્ષા આપી હતી તેમાંથી નપાસ થનાર ૫૫૬૩૪ પરીક્ષાર્થીઓએ પૂરક પરીક્ષા માટે રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. પરંતુ તે પૈકી ૩૪૫૪૭ વિદ્યાર્થીઓએ જ પુનઃ પરીક્ષા આપી... એટલે લગભગ ૨૧ હજાર વિદ્યાર્થીઓએ પુનઃ પરીક્ષા આપી જ નહીં. તો પુનઃ પરીક્ષામાં સંસ્કૃતમાં ૩૭૦૦માંથી ૨૯૧ અને અંગ્રેજીમાં ૭૧૪૨માંથી માત્ર ૮૪૯ વિદ્યાર્થી જ પાસ થયા. જ્યારે કેમેસ્ટ્રીમાં તો ૨૯૦૮માંથી માત્રને માત્ર ૬૮૫ જ પાસ થયા. તો બાયોલોજીમાં ૧૨૦૨૪માંથી ૬૧૮ વિદ્યાર્થી પાસ થયા છે. આમ છતાં, ભાજપ સરકાર બી-ગ્રુપના વિદ્યાર્થીઓ માટે એ ગ્રુપ (ગણિત)ની પરીક્ષા રાખે છે. જે સ્વનિર્ભર ઈજનેરી, ડેન્ટલ, ફાર્મસી, સાયન્સ (બી.એસસી) કોલેજોમાં ખાલી પડી રહેતી બેઠકો ભરવા માટેનો ખૂલ્લેઆમ વેપલો જ છે.

વિજ્ઞાન પ્રવાહના નબળા પરિણામ પછી પણ ભાજપ સરકાર સેલ્ફ ફાઈનાન્સ કોલેજો માટે શિક્ષણનો નગ્ન વેપાર કરે છે. આ અગાઉ પણ પીટીસી, બીએડ અને ફાર્મસી કોલેજોની ૪૦થી ૬૦ જેટલી રહેલી સંખ્યા ભાજપ સરકારે વધારીને ૧૫૦-૨૦૦ કરતાં બેરોજગારો બહાર પાડતી ફેક્ટરીઓ બંધ કરવાના દિવસો આવ્યા છે. આમ છતાં ભાજપ સરકાર ગુજરાતનું યુવાધન અને પૈસા બહારના રાજ્યમાં જાય નહીં તે માટે સેલ્ફ ફાઈનાન્સ કોલેજોનો લુલો બચાવ કરે છે. પરંતુ વાસ્તવમાં મેડીકલ અને ઈજનેરી શાખામાં આજે પણ સેંકડો વિદ્યાર્થીઓ એક – એક કરોડ રૂપિયા ખર્ચી અન્ય રાજ્યો કે બહારના દેશોમાં પ્રવેશ મેળવે છે તે ભાજપ સરકારના ગુજરાત મોડેલ માટે કલંકરૂપ છે. પીટીસી, બીએડ, ફાર્મસી, ઈજનેરી, ડેન્ટલ વગેરે શાખાના વિદ્યાર્થીઓ ડીગ્રી મેળવી નોકરી માટે લાખોની સંખ્યામાં ભટકી રહ્યા છે. તો એ જ રીતે બીબીએ કે બીસીએ કોલેજો શરૂ કર્યા પછી તેના હજારો વિદ્યાર્થીઓ માટે આ ભાજપ સરકારે નોકરી કે રોજગારીની કોઈ જ વ્યવસ્થા કરી નથી. શિક્ષણની ઘોર ખોદનાર ભાજપ સરકારના બજારીકરણના કારણે આજે સેંકડો વિદ્યાર્થીઓને પોતાની જીવનલીલા સંકેલવાનું અંતિમ પગલું ભરવા મજબૂર થવું પડે છે ત્યારે શિક્ષણમાં ભ્રષ્ટાચાર કરનાર ભાજપ સરકારને વિધાનસભાની આગામી ચૂંટણીમાં ઉખેડી ફેંકવાની અપીલ કરતાં ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, કોંગ્રેસ સત્તા ઉપર આવતાં જ વિદ્યાર્થીઓનાં હિત સાથે રોજગારલક્ષી શિક્ષણ નીતિ અમલમાં મૂકી અત્યારે શિક્ષણના નામે ચાલતો વેપલો સદંતર બંધ કરાવી દેશે.

કોર કમિટિની બેઠક

● અનુસંધાન પહેલાનું ચાલુ

આપ્યા બાદ મુખ્યમંત્રી પદે વિજય રૂપાણીની વરણી અને ભાજપના પ્રદેશ પ્રમુખ તરીકે જીતુ વાઘાણીની પસંદગી બાદ હવે પ્રદેશ સંગઠનમાં મોટા ફેરફારો તોબાઈ રહ્યા છે. જેમાં અમિત શાહના ચુસ્ત ઠેકેદારોને સંગઠનના મહત્વના હોદાઓની બ્હાણી કરવામાં આવે તેવી શકયતા વર્તાઈ રહી છે. આ અગાઉ અમિત શાહે આજે બપોરે ટાઉન હોલમાં એક શાખાના સ્વર્ણ જંયતિ કાર્યક્રમમાં હાજરી આપી હતી અને સાંજે ભાજપ કાર્યાલય શ્રી કમલમ ખાતે કોરકમિટીની બેઠકમાં માર્ગદર્શન આપ્યા બાદ જૈન દેરાસરે આંગીના દર્શન કરવા પહોંચ્યા હતા.

ટેરીફ વોર.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

૪૯૯૯ રૂપિયાના મહિને પ્લાનની જાહેરાત પણ કરી હતી. અંબાણીએ ઓછામાં ઓછા સમયમાં જીયો માટે ૧૦ કરોડ ગ્રાહકો માટેનો ટાર્ગેટ નક્કી કર્યો હોવાની વાત પણ કરી હતી.કંપનીએ પોતાના હેન્ડસેટ બ્રાન્ડ હેઠળ સૌથી વિશ્વસનીય સ્માર્ટફોનની પણ જાહેરાત કરી હતી. અંબાણીએ વિદ્યાર્થીઓ માટે એક નવી ઓફરની જાહેરાત કરી હતી. જેમાં જીયો નેટવર્કના દર પર ૨૫ ટકા વધારે ડેટા મળશે. મફત વેલકમ ઓફર હેઠળ કંપની મફત ડેટા, વોઈસ અને વીડિયોની ઓફર કરી રહી છે. તમામ માટે આ બિલકુલ મફત રહેશે. આગામી દિવસો ગ્રાહકો માટે ખુબ સારા રહે તેમ માનવામાં આવે છે. જાણકાર લોકોનું કહેવું છે કે, વર્તમાન ટેલિકોમ કંપનીઓનો જવાબ આ બાબત ઉપર આધાર રાખશે કે જીયો કેટલી ઝડપથી ગ્રાહકોને પોતાની તરફેણમાં કરે છે.

અલબત્ત ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે કે, આ દાવાને લઈને વધારે આશાસ્પદ થવાની જરૂર નથી. જીયો આ ક્વાર્ટરમાં ૬૦૦૦૦ કર્મચારીઓના ખર્ચને પહોંચી વળવાના પ્રયાસ કરી શકશે કે કેમ તે પ્રશ્ન છે. હજુ સુધીના ઓપરેશન ખર્ચની ચુકવણી પોતાના ખિસ્સામાંથી કરશે કે કેમ તે પણ પ્રશ્ન છે. અન્ય જાણકાર નિષ્ણાતોનું કહેવું છે કે, ગ્રાહકોની દ્રષ્ટિએ ટેરિફ વોર ચોક્કસપણે લાભ કરાવશે. આનાથી લોકોને વધુ સારી સુવિધા મળશે. એરટેલે ગુરુવારે એક નિવેદન જારી કરીને કહ્યું હતું કે, ટેલિકોમ સેક્ટરમાં જીયોનું અમે સ્વાગત કરીએ છીએ. જો કે, એરટેલ, વોડાફોન અને આઈડિયા ડેટા અને કોલિંગ રેટમાં કેટલો ઘટાડો કરે છે તે અંગે હજુ સુધી સસ્પેન્સની સ્થિતિ રહેલી છે. ભારતી, વોડાફોન અને આઈડિયાનું કહેવું છે કે, વર્તમાન ટેલિકોમ કંપનીઆ જીયોની ઓફરનો મુકાબલો કરી શકે છે. જીયો તરફથી ટેરિફમાં હકીકતમાં ફ્રી વોઈસ કોલિંગની સુવિધા નથી. કોલિંગની ડેટાની સાથે જોડવાની નીતિ અપનાવવામાં આવી છે.

સામાહિક અભિયાન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરેક સંબંધિત વિભાગો તેમના વિસ્તારોમાં થયેલ દબાણકારોને ઓળખી અને નોટીસ આપવાની કાર્યવાહી એક જ સપ્તાહમાં કરશે. આ પછી આગામી માસના આરંભે આ દબાણો સામુહિક રીતે દૂર કરવાની કામગીરી હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ દબાણો બાબતે દર માસે સમીક્ષા બેઠક પણ થશે અને ત્યાંથી સંપૂર્ણ સફાયો ગેરકાયદે દબાણોનો કરવાનો નિર્ણય લેવાયો હતો. જિલ્લામાં ગેરકાયદે દબાણોના મુદ્દે તંત્રએ હવે લાલ આંખ કરવા માટેનું મન બનાવી લીધુ છે. ચિલોડા ચાર રસ્તા નજીક ઉભા થયેલા દબાણો અંગે વારંવારની રજુઆતો પછી હવે આ દિશામાં નક્કર કાર્યવાહી માટે તંત્રએ સંબંધિત વિભાગોના અધિકારીઓની સંયુક્ત બેઠક યોજી સ્પષ્ટ સંકેત આપી દેવાયો છે.

અજગર પકડાયો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખોરજ ખોડીયાર વિસ્તાર નજીક સ્થિત શાંતિગ્રામ અદાણીની સાઈટ પર ગતરાત્રે સાપ જેવુ પ્રાણી દેખાતા સ્થાનિકો દ્વારા સ્નેકસ્કોડને જાણ કરવામાં આવી હતી. પરંતુ રાત્રિના અંધારામાં સાપ હાથ ન લાગતા સવારે શોધખોળ હાથ ધરવામાં આવી હતી. મહામહેનતના અંતે અજગર હાથ લાગતા સિડયુઅલ વનમાં સમાવિષ્ટ થતા આ પ્રાણીને વન વિભાગને સોંપવામાં આવ્યો હતો. રોક પાઈથનને ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં રાખવાનુ નક્કી થતા હાલ આ પ્રકૃતિ ઉદ્યાનમાં બે અજગર જોવા મળશે. શાંતિગ્રામ સાઈટ પર સ્નેક સ્કોડના મયુર પારેખ તેમજ કુલદીપ બારોટે મહામહેનતના અંતે સાડા ૬ ફુટ લાંબા અજગરને ઝડપી લીધો હતો.

અજગરની જાડાઈ ૧૨.૫ ઈંચ છે. આ રોક પાઈથન સામાન્ય રીતે ગુજરાતમાં જાવા મળે છે.ગાંધીનગરમાં પ્રથમવાર આ અજગર જોવા મળ્યો છે. કેનાલ વિસ્તારમાં પાણી વધારે છોડવામાં આવતા ટ્રાવેલીંગ કરીને આ વિસ્તારમાં પહોંચી ગયો હોવાનુ મનાઈ રહયુ છે. રોક પાઈથન નાના પક્ષી,પ્રાણી તેમજ હરણનો શિકાર કરે છે. શાંતિ અને પાણીવાળી જગ્યા પંસદ કરતા અજગર શાંતિગ્રામ સાઈટ પરથી પકડાયા બાદ તેને વન વિભાગે પ્રકૃતિ ઉદ્યાનને સોંપી દિધો હતો.

માઠી અસર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સેન દ્વારા આ મુજબનો દાવો કરાયો છે. તિરુચિરાપલ્લીમાં સૌથી વધારે અસર રહી હતી. વિશાખાપટ્ટનમમાં પણ સેવા ખોરવાઈ હતી. હડતાળને લઈને સરકાર દ્વારા કોઈ અસર ન થાય તે માટે પહેલાથી જ પગલા લેવાયા હતા. હડતાળના કારણે અંદાજ મુજબ હજારો કરોડનો ફટકો પડ્યો હોવાના બિનસત્તાવાર અહેવાલ મળ્યા છે. રાષ્ટ્રવ્યાપી હડતાળના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયુ હતુ. સવારમાં જ હડતાળની અસર દેખાવા લાગી હતી. તમામ જરૂરી કામકાજ પર તેની સીધી અસર થઈ હતી. સવારમાં જ લાખોની સંખ્યામાં કર્મચારીઓ અને મજુરો હડતાળને લઈને મેદાનમાં આવી ગયા હતા. આ મહા હડતાળમાં કરોડો લોકો સામેલ થયા હોવાનો દાવો ટ્રેડ યુનિયનો દ્વારા કરવામાં આવી રહ્યો છે. ટ્રડ યુનિયનોનુ કહેવુ છે કે ગયા વર્ષે થયેલી હડતાળમાં ૧૪ કરોડ કર્મચારી સામેલ થયા હતા. આ વખતે ૧૮ કરોડ કર્મચારીઓ સામેલ થયા હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. સવારમાં જ તમામ જીવન જરૂરી સેવા પર તેની માઠી અસર જોવા મળી હતી.એકલા ઉત્તરપ્રદેશમાં ૩૦ લાખ કર્મચારીઓ હડતાળમાં સામેલ થયા હતા. કેન્દ્રિય શ્રમ પ્રધાન બંદારુ દત્તાત્રેયે કહ્યુ હતુ કે સરકાર શ્રમિક સંગઠનો અને કેન્દ્ર સરકાર વચ્ચે સારા સંબંધ જાળવી રાખીને કામ કરવા માટે ઈચ્છુક છે. જો કે દેશના સૌથી મોટા શ્રમિક સંગઠન ભારતીય મજદુર સંગઠને હડતાળમાં સામેલ નહી થવાનો નિર્ણય કર્યો હતો. લેબર લોમાં ફેરફાર અને વધુ સારા પગારની માંગણી કરીને આજે ટ્રેડ યુનિયનો દેશભરમાં હડતાળ પાડી હતી.

અવ્યવસ્થા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહાત્મા મંદિરના આજના સેમિનારમાં અલગ-અલગ જિલ્લામાંથી ખેડૂતોને લઈ આવવા માટે ખાસ બસ વ્યવસ્થા કરવામાં આવી હતી. જો કે પહેલીવાર આયોજકો આયોજનમાં કંઈક થાપ ખઈ ગયા હોવાની ચર્ચા સમગ્ર પરિસરમાં સાંભળવા મળતી હતી. પાંચ હજારના આયોજન સામે ૮ હજારથી વધુ લોકોનું રજીસ્ટ્રેશન થતાં થોડીક અવ્યવસ્થા થઈ હોવાનું તંત્રના અધિકારીઓ ખાનગીમાં બોલતા સંભળાયા હતા.

પાર્ટીની રચના... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાર્ટીમાં જવાની ચર્ચા જોવા મળી હતી. સૂત્રોએ કહ્યું છે કે, ગયા ઓગસ્ટ મહિનાથી પાર્ટીના સંપર્કમાં કેટલાક નેતાઓ હતા પરંતુ આમ આદમી પાર્ટીના એક પરિવારના બે સભ્યોને ટિકિટ ન આપવાના નિર્ણયથી સિદ્ધૂને ફટકો પડ્યો હતો. આની સાથે જ સિદ્ધૂએ આમ આદમી પાર્ટીમાં નહીં જોડાવવાનો નિર્ણય કર્યો હતો. સિદ્ધૂએ નવો મોરચો બનાવી દીધા બાદ આમ આદમી પાર્ટીને પણ મોટો ફટકો પડી શકે છે. આમ આદમી પાર્ટીમાં આંતરિક ખેંચતાણની સ્થિતિ જોવા મળી રહી છે. સિદ્ધૂ પહેલા આમ આદમી પાર્ટીમાં જશે તેવી ચર્ચા જોવા મળી રહી હતી પરંતુ હવે પંજાબમાં અરવિંદ કેજરીવાલને સિધી ટક્કર આપી શકે છે. આગામી દિવસોમાં પંજાબમાં રાજકીય ગતિવિધિ તીવ્ર બની શકે છે. આગામી સપ્તાહમ